# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ યોજાઈ.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા તા.૦૨/૧૨/૨૦૧૯ ના રોજ સ્થળ તોયણી, તાલુકો દેવગઢ બારિયા, જિલ્લો દાહોદ ખાતે ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ કાર્યક્રમમાં અંદાજિત ૫૦-૫૫ જેટલા ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક એગ્રો) દ્વારા  મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપેલ હતી તેમજ મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગે ખેડૂત મિત્રોને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રો.ડી.એમ.રાઠોડ,મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક વિ સ્તરણ) દ્વારા મકાઈમાં ક્ષેત્રીય નિદર્શનથી થતા ફાયદાઓ અને બાયો-ફર્ટીલાઈઝરની ઉપયોગીતા તેમજ મકાઈ પાકમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળની ઓળખ અને તેના નિયત્રણ માટે વિસ્તૃતમાં માહિતી આપી.

કાર્યક્રમની અંતમાં નિદર્શન આપેલા મકાઇના ખેતરની મુલાકાત કરવામાં આવી તેમજ ખેડૂત-મિત્રોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.




**ખેડૂત શિબિર**




**ફિલ્ડ વિઝીટ**